RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 3, Dt.14-03-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# બે નવા ચૂંટણી કમિશનર અંગે સરકારનું પેપર ફોડતા અધિર રંજન




## ચૂંટણી પંચના બે નવા ચૂંટણી કમિશનરોની નિમણુંક અંગે સરકારી જાહેરાત પહેલા પસંદગી સમિતિના સભ્ય વિપક્ષ નેતા અધિર રંજન ચૌધરીએ કહ્યું- જ્ઞાનેશ કુમાર અને સુખબીર સંધુના નામ નક્કી કરવામાં આવ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભામાં વિપક્ષના નેતા અધીર રંજન ચૌધરીએ સરકારી જાહેરાત પહેલા દાવો કર્યો છે કે નવા ચૂંટણી કમિશનરો માટે જ્ઞાનેશ કુમાર અને સુખબીર સંધુના નામ નક્કી કરવામાં આવ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ચૂંટણી પંચમાં બે નવા કમિશનરોની નિમણુંક માટે યોજાયેલી બેઠકમાંથી બહાર આવ્યા બાદઅધીર રંજન ચૌધરીએ મીડિયા સમક્ષ આ દાવો કર્યો હતો.ઉલ્લેખનીય છે કે લોકસભામાં વિપક્ષના નેતાનો આ દાવો એવા સમયે આવ્યો છે જ્યારે બે ચૂંટણી કમિશનરની નિમણૂકને લઈને દેશભરમાં રાજકીય ખેંચતાણ જોવા મળી રહી છે.

દેશના બે નવા ચૂંટણી કમિશનરની નિમણૂકને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અધીર રંજન ચૌધરીએ એવો દાવો કર્યો છે કે પૂર્વ બ્યુરોક્રેટ્સ સુખબીર સંધુ અને જ્ઞાનેશ કુમારને ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સરકાર પહેલા કોંગ્રેસ સાંસદ અધીર રંજન ચૌધરીએ આજે મીડિયાને આ માહિતી આપી હતી.ઉલ્લેખનીય છે કે અધીર રંજન ચૌધરી પણ ચૂંટણી કમિશનરની પસંદગી સાથે જોડાયેલી સમિતિના સભ્ય છે. બેઠક બાદ સમિતિના સભ્ય અધીર રંજન ચૌધરીએ જણાવ્યું હતું કે સમિતિ સમક્ષ છ નામો મૂકવામાં આવ્યા હતા, જેમાંથી આ બે નામોને મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત ચૌધરીએ કહ્યું હતું કે, પસંદગી સમિતિએ છ નામો રજૂ કર્યા હતા, જેમાંથી ઉત્પલ કુમાર સિંહ, પ્રદીપ કુમાર ત્રિપાઠી, જ્ઞાનેશ કુમાર, ઈન્દીવર પાંડે, સુખબીર સિંહ સંધુ અને ગંગાધર રાહતના નામ સામેલ હતા. આ નામમાંથી જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુની ચૂંટણી કમિશનર તરીકે પસંદગી કરવામાં આવી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અધીર રંજન ચૌધરી ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ બેઠકમાં હાજર રહ્યા હતા.

# સીએએનો કાયદો કોઈપણ સંજોગોમાં પાછો નહીં ખેંચાય, વિપક્ષોના વિરોધ સામે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો સ્પષ્ટ જવાબ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સીએએનો વિરોધ કરતાં વિપક્ષનો પર નિશાન સાધતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે કોઈ ગમે તે કરી લો સીએએ કાયદો પાછો નહી ખેચવામાં આવે. આપણા દેશમાં ભારતીય નાગરીકતા નિશ્ચિત કરવી અમારો સંપ્રભ અધિકાર છે અમે આ મામલે કયારેય સમાધાન નહી કરીએ.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સીએએ અધિસુચના પર પશ્ચિમ બંગાળની સીએમ મમતા બેનજીર્ના નિવેદન પર પણ પલટવાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે એ દિવસો દુર નથી કે જયારે પશ્ચિમ બંગાળમાં ભાજપ સતા પર આવશે અને ઘુસણખોરી રોકશે. શાહે વધુમાં કહ્યું હતું કે જો




મમતા આ મુદ્દે રાજનીતી કરે છે અને આટલા મહત્વપૂર્ણ રાષ્ટ્રીય સુરક્ષા મુદાની સામે ઉભી રહે છે તો તે બહુ ખોટુ છે.

મમતા તુષ્ટિકરણની રાજનીતી કરીને ઘુસણખોરીને અનુમતી આપે છે અને સીએએનો વિરોધ કરે છે. શાહે જણાવ્યું હતું કે, શરણાર્થીઓને નાગરિકા નહી મળી તો એ લોકો તેમની સાથે નહી રહે.મમતા બેનરજીને શરણ લેવાવાળા અને ઘૂસણખોરો વચ્ચેના અંતરની નથી ખબર.

અમિત શાહે કહ્યુ હતું કે, સીએએ મોદી સરકાર દ્વારા લાવવામાં આવ્યો છે અને તેને રદ કરવો અસંભવ છે તેમણે વિપક્ષી નેતાઓ પર તુષ્ટિકરણની રાજનીતીનો આક્ષેપ લગાવ્યો હતો. શાહે વિપક્ષને સવાલ કરતા પૂછયુ હતું કે શું તેમની પાસે એ અધિકાર છે કે તે તેને લાગુ કરવાનો ઈન્કાર કરી શકે?

શાહે જણાવ્યું હતું કે, તેઓ (વિપક્ષો) એ પણ સમજે છે કે તેમની પાસે આવો અધિકાર નથી. આપણા બંધારણમાં નાગરિકતાનાં બારામાં કાયદો બનાવવાનો અધિકાર માત્ર સંસદને અપાયો છે. આ કેન્દ્રનો વિષય છે રાજયનો નહિં.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રે આ સપ્તાહની શરૂઆતમાં સીએએનાં કાર્યાન્વયનનાં નિયમોને અધિસૂચિત કર્યા બાદ તામિલનાડુનાં મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલીન, પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનર્જી અને કેરળનાં મુખ્યમંત્રી પિનારાઈ વિજયને સીએએ કાનુનની ટીકા કરી હતી અને કહ્યું હતું કે તેઓ તેમના રાજયમાં તેને લાગુ નહીં કરે. કોંગ્રેસે સીએએનાં અમલીકરણનાં સમયને લઈને કેન્દ્રની ટીકા કરતા કહ્યું હતું કે સીએએને આ વર્ષે એપ્રિલ-મે માં યોજાનારી લોકસભા ચૂંટણી પહેલા જાણી જોઈને લાગુ કર્યો છે.

# રાજકોટના આવાસ કૌભાંડી બંને કોર્પોરેટરોને ભાજપના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ગોકુલ નગર આવાસ યોજનામાં પોતાના પરિવારજનોના નામે ૧૦-૧૦ આવાસો મેળવી લેનારા કૌભાંડી બંને કોર્પોરેટરો સામે ભાજપે આખરે પગલાં લેવાની જાહેરાત કરી છે. લોકસભા ચૂંટણીમાં પાર્ટીની છબી ન ખરડાઈ તે માટે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ વોર્ડ નં. ૫ના કોર્પોરેટર વજીબેન કવાભાઈ ગોલતર અને વોર્ડ નં. ૬ના કોર્પોરેટર દેવુબેન મનસુખભાઈ જાદવને પાર્ટીમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરાવાની જાહેરાત કરી હતી.

શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ આ નિર્ણયની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે આવાસ યોજના પ્રકરણમાં બંને કોર્પોરેટરોને શો કોઝ નોટિસ આપીને ૪૮ કલાકમાં ખુલાસો આપવા જણાવ્યું હતું. આ કોર્પોરેટરોએ આપેલા જવાબથી અસંતોષ થતાં પ્રદેશ નેતાગીરીની સૂચના



આજે બંનેને કોર્પોરેટરોને ભાજપના પ્રાથમિક સભ્ય પદેથી હટાવવાનો નિર્ણય લીધો છે.

જો કે આ બંને સંડોવાયેલાં કોર્પોરેટરોને ભાજપે કોર્પોરેટર પદેથી ગેરલાયક ઠેરવવા કાર્યવાહી કરી ન હોય આ સજા માત્ર દેખાવ પુરતી જ હોવાનો રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ આ મુદ્દે જણાવ્યું હતું કે ભાજપ પક્ષ જો આ ભ્રષ્ટાચારને છાવરવા માંગતી ન હોય તો આ બંને કોર્પોરેટરોને કોર્પોરેટર પદેથી ગેરલાયક ઠેરવવા કાર્યવાહી કરવી જોઈએ. જેથી ગેરરીતિ આચરનારાઓમાં ડર રહે.

# રેલવે રાજયમંત્રી દર્શના જરદોશ સહિત ત્રણ મહિલાઓની ટિકીટ કાપીને ભાજપે ગુજરાતના વધુ સાત ઉમેદવારો જાહેર કર્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા ચૂંટણી પુર્વે જ ભાજપે ગઈકાલે તેની બીજી યાદીમાં ગુજરાતની ૭ સહિત દેશની ૭૨ સંસદીય બેઠક માટે ઉમેદવાર જાહેર કરતા જ હવે પક્ષની યાદીમાં ગુજરાતમાં ચાર જ બેઠકો પરના ઉમેદવારોની પસંદગી બાકી રહી છે પણ ભાજપે ૨૨ નામો જાહેર કર્યા તેમાં ૧૦ ટિકીટ કાપી છે. જયારે ૧૨ને રીપીટ કર્યા છે. આમ લગભગ ૫૦-૫૦%ના રેશિયો જાળવીને નવી કેડરને છેક દિલ્હી સુધી પહોંચાડવાનો જે અભિગમ છે તે જાહેર કર્યા છે. પરંતુ મહત્વપૂર્ણ રીતે પક્ષે ચાર બેઠકો અમરેલી-જુનાગઢ-સુરેન્દ્રનગર અને મહેસાણાની બેઠકો માટે હજુ નિર્ણય ભર્યા નથી.

તે આ બેઠકો અને સૌરાષ્ટ્રમાં રસપ્રદ સ્થિતિ હોવાનું પણ સૂચવે છે. કોંગ્રેસ પક્ષ ગુજરાતમાં હજુ બેઠકોના નામ જ જારી કર્યા છે અને આમ આદમી પાર્ટીએ તેના કવોટાની બે બેઠકો ભરૂચમાં ચૈતર વસાવા અને ભાવનગરમાં ઉમેશ મકવાણાને અગાઉથી જ તેઓએ ચૂંટણી લડવાની છે તેવું નિશ્ચિત કરી દેતા બન્નેએ તેમને પ્રચાર પણ શરૂ કર્યા છે. આમ કોંગ્રેસ કરતા આમ આદમી પાર્ટી સામે ભાજપ વધુ નસલામતથ અભિગમ અપનાવી રહીં હોવાનો સંકેત મળ્યો છે.

ભાવનગરમાં પક્ષે વર્તમાન સાંસદ ભારતીબેન શિયાળની ટિકીટ કાપી છે અને તેની સામે શાળા સંચાલક અને શિક્ષક નીલુબેન બાંભણીયાને ટિકીટ આપી છે. તેઓ ભાવનગરના જ રહેવાસી છે. મેયર રહી ચૂકયા છે. સંગઠનમાં પણ જવાબદારી સંભાળી ચૂકયા છે અને અનેક સામાજીક સંસ્થામાં સાથે જોડાયેલા તળપદા કોળી છે. આમ હવે બોટાદ જે ભાવનગર સંસદીય ક્ષેત્રનો જ હીસ્સો છે ત્યાંથી ચુંટાયેલા ઉમેશભાઈ મકવાણાને આમ આદમી પાર્ટીએ ટિકીટ આપી છે. તેઓ પણ તળપદા કોળી છે અને લોકપ્રિય નેતા છે.

ગઈકાલે જે યાદી જાહેર થઈ ભાજપે સૌરાષ્ટ્રની આ એક જ બેઠકના ઉમેદવાર જાહેર કર્યા જયારે અમદાવાદ પુર્વમાં પુર્વ ગૃહમંત્રી ગોરધનભાઈ ઝડફીયા જેવા દાવેદાર હોવા છતા વર્તમાન સાંસદ હસમુખ પટેલને જાળવી રાખ્યા છે. સાબરકાંઠામાં પક્ષે ક્ષત્રિય ઠાકોર ભીખાજી ઠાકોરને પસંદ કર્યા. અહી દીપસિંહ રાઠોડનું પતું કાપ્યુ છે. તેઓ બિનવિવાદી વ્યકિતત્વ છે. સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા છે અને સાબરકાંઠા જીલ્લા બેઠકના ઉપપ્રમુખ છે અને વિશ્વ હિન્દુ પરિષદ સાથે પણ જોડાયેલા છે. દિપસિંહની ૭૧ વર્ષની ઉંમર કદાચ તેમના વિરુદ્ધ ગઈ છે. તેઓ બે ટર્મથી આ બેઠક પર ચુંટાતા હતા.

# કાકા શરદ પવારની તસવીરનો ઉપયોગ કરવા બદલ ભત્રીજા અજીતને સુપ્રીમ કોર્ટની ફટકાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે આજે એનસીપી ચૂંટણી ચિહ્ન વિવાદ પર સુનાવણી કરી હતી. કોર્ટે અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી જૂથને શરદ પવારની તસવીર અને નામનો ઉપયોગ ન કરવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત બેન્ચે અજિત પવારને અન્ય ચૂંટણી ચિહ્ન પસંદ કરવાનું વિચારવાનો નિર્દેશ આપતા કહ્યું હતું કે, ચૂંટણી પંચનો આદેશ અંતિમ નથી. હવે આ મામલે આગામી સુનાવણી મંગળવારે થશે.

શરદ પવાર તરફથી હાજર વકીલ અભિષેક મનુ સિંઘવીએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે 'અજિત પવારની એનસીપી ઘડિયાળનું ચિહ્ન અને શરદ પવારના ચહેરાનો ઉપયોગ કરીને લોકોને ગેરમાર્ગે દોરી રહી છે.



તમે ઘડિયાળ અને શરદ પવારની તસવીરનો ઉપયોગ કઈ રીતે કરી શકો? આ છેતરપિંડી છે. તમારા પોતાના નેતાઓ કહે છે કે આનો ગ્રામીણ વિસ્તારોમાં તેમના ફાયદા માટે ઉપયોગ કરવામાં આવશે.'

જસ્ટિસ સૂર્યકાંત અને કે.વી. વિશ્વનાથની બેન્ચે કેસની સુનાવણી કરતી વખતે અજિત પવાર જૂથ તરફથી હાજર રહેલા વકીલને કહ્યું હતું કે, 'હવે પાર્ટીએ એફિડેવિટ આપવું જોઈએ, જેથી તેમના સભ્યોને શરદ પવારની તસવીરનો ઉપયોગ કરવાથી રોકી શકાય. હવે તમે બે અલગ-અલગ સંસ્થા છો, તો ફક્ત તમારી ઓળખ સાથે જ જાઓ. જ્યારે ચૂંટણી આવે છે ત્યારે તમને તેના ચહેરાની જરૂર હોય છે અને જ્યારે તમે ચૂંટણી જીતી જાવ છો ત્યારે તમે તેમની પાર્ટી છોડી દો છો.'

અગાઉ સુપ્રીમ કોર્ટે ૧૯ ફેબ્રુઆરીએ ગઈકના સ્થાપક શરદ પવાર અને તેમના જૂથને 'રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર)ના નામે કામ કરવાની મંજૂરી આપી હતી. ચૂંટણી પંચે રાજ્યસભાની ચૂંટણી લડવા માટે સાતમી ફેબ્રુઆરીના એક આદેશમાં શરદ પવાર જૂથને નવું નામ ફાળવ્યું હતું. આ ઉપરાંત સુનાવણી દરમિયાન વચગાળાની રાહતમાં શરદ પવાર જૂથને પક્ષના પ્રતીક માટે અરજી કરવાની પણ મંજૂરી આપી હતી. તે અંતર્ગત ચૂંટણી પંચને નિર્દેશ કરાયો છે કે, શરદ પવારના જૂથને તેમની અરજીના એક સપ્તાહની અંદર પાર્ટીનું ચિહ્ન ફાળવવામાં આવે. છઠ્ઠી ફેબ્રુઆરીએ પંચે અજિત પવારના જૂથને અસલી એનસીપી તરીકેની માન્યતા આપી હતી અને એનસીપીના પ્રતીક દીવાલ ઘડિયાળ અજિત પવારના જૂથને ફાળવાઈ હતી.

# ૨૦૨૩-૨૪ માટે સીપીઆઇ ફુગાવો ૫.૪% રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશમાં ફેબ્રુઆરી દરમિયાન રિટેલ ફુગાવો ૫.૦૯% સાથે યથાવત્ રહ્યો હતો. CPI આધારિત ફુગાવો જાન્યુઆરી દરમિયાન ૫.૧% અને ફેબ્રુઆરી ૨૦૨૩ દરમિયાન ૬.૪૪% હતો. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ દ્વારા જાહેર ડેટા અનુસાર ફેબ્રુઆરીમાં ખાદ્યપદાર્થોનો ફુગાવો ૮.૬૬% હતો, જે ગત મહિનાના ૮.3% કરતાં આંશિક વધુ હતો.

RBIને રિટેલ ફુગાવાને ૪% સુધી મર્યાદિત રાખવા માટેનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ગત મહિના દરમિયાન છઇંઈએ ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૩-૨૪) માટે સીપીઆઇ ફુગાવો ૫.૪% રહેવાનું અનુમાન વ્યક્ત કર્યું હતું જે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટર દરમિયાન ૫% રહ્યો હતો.

ડિસેમ્બરના ક્વાર્ટર દરમિયાન દેશનો આર્થિક વૃદ્ધિદર ૮.૪% રહ્યો હતો, જેમાં દોઢ વર્ષમાં સૌથી ઝડપી વૃદ્ધિ જોવા મળી




હતી. સરકારે ચાલુ નાણાકીય વર્ષ માટે દેશના આર્થિક વૃદ્ધિદરના અંદાજને અગાઉના ૭.૩%થી વધારીને ૭.૬% કર્યો છે.

ડેટા અનુસાર ગ્રામીણ ફુગાવો ૫.૩૪% સાથે યથાવત રહ્યો હતો, જ્યારે શહેરી ફુગાવો જાન્યુઆરીના ૪.૯૨%થી ઘટીને ફેબ્રુઆરી દરમિયાન ૪.૭૮% નોંધાયો હતો. શાકભાજીમાં મોંઘવારી દર જાન્યુઆરી ૨૭.૦૩%થી વધીને ૩૦.૨૫% રહ્યો હતો.

દેશમાં જાન્યુઆરી દરમિયાન મેન્યુફેક્ચરિંગ, માઇનિંગ અને પાવર સેક્ટર્સના નબળા પ્રદર્શનને કારણે દેશના ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિદર ઘટીને ૩.૮% નોંધાયો હતો. જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન IIP ગ્રોથ ૫.૮% રહ્યો હતો. ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન આઇઆઇપી ગ્રોથ ૪.૨% અને નવેમ્બર ૨૦૨૩ દરમિયાન ૨.૪% હતો. ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-જાન્યુઆરી દરમિયાન IIP ગ્રોથ ૫.૯% હતો. મેન્યુફેક્ચરિંગ સેક્ટરના ઉત્પાદનનો વૃદ્ધિદર ઘટીને ૩.૨% નોંધાયો છે જે ગત વર્ષના સમાન સમયગાળા દરમિયાન ૪.૫% રહ્યો હતો. વીજળીના ઉત્પાદનનો વૃદ્ધિદર પણ ઘટીને ૫.૬% રહ્યો છે જે ગત વર્ષના સમાન સમયગાળા દરમિયાન ૧૨.૭% હતો. માઇનિંગનું ઉત્પાદન પણ ઘટીને ૫.૯% રહ્યું છે. કેપિટલ ગુડ્સ સેગમેન્ટનો ગ્રોથ પણ જાન્યુઆરીમાં ઘટીને ૪.૧% થયો છે. જાન્યુઆરીમાં કન્ઝ્યુમર ડ્યૂરેબલ્સનું ઉત્પાદન વધીને ૧૦.૯% રહ્યું હતું.

# કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો જાહેર, ખડગેએ 'નારી ન્યાય ગેરન્ટી' સહિત પાંચ મોટી જાહેરાત કરી

## કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં ગરીબ પરિવારની મહિલાઓને એક લાખ રૂપિયાની મદદ આપવાની જાહેરાતઃ આંગણવાડીના કાર્યકર્તાઓને દર મહિને મળતા કેન્દ્ર સરકારના યોગદાનને બમણું કરવાનું પણ કોંગ્રેસ વચન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ 'નારી ન્યાય ગેરન્ટી' હેઠળ પાંચ મોટી જાહેરાત કરી ચૂંટણી ઢંઢેરો જાહેર ક્યો છે. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાનાં પાંચ વચનોમાં મહાલક્ષ્મી ગેરંટીનો પણ ઉલ્લેખ કરાયો છે. આ ગેરંટીમાં ગરીબ પરિવારની મહિલાઓને એક લાખ રૂપિયાની મદદ આપવાની જાહેરાત કરાઈ છે.

ખડગેએ કહ્યું કે, કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાના પ્રથમ ગેરન્ટીમાં 'મહાલક્ષ્મી ગેરન્ટી'ની જાહેરાત કરી છે. આ ગેરન્ટી હેઠળ કોંગ્રેસ દરેક ગરીબ પરિવારની એક-એક મહિલાઓને વાર્ષિક એક લાખ રૂપિયાની મદદ કરશે.



કોંગ્રેસની બીજી ગેરન્ટી મુજબ 'અડધી વસ્તીને સંપૂર્ણ હક્ક'ની ગેરન્ટી અપાઈ છે. આમાં કેન્દ્ર સરકાર હસ્તક થતી ભરતીઓમાં અડધુ વધુ પદો પર મહિલાઓને અધિકાર આપવાનું વચન અપાયું છે.

લોકસભા ચૂંટણીને ધ્યાને રાખી કોંગ્રેસે આંગણવાડી સાથે સંકળાયેલા કર્મચારીઓ પર પણ ધ્યાને કેન્દ્રીત કર્યું છે. કોંગ્રેસે ત્રીજી ગેરન્ટી 'શક્તિનું સન્માન' આપવાનું વચન આપ્યું છે. ખડગેએ 'શક્તિનું સન્માન'ની ગેરન્ટી જાહેર કરી આંગણવાડી, આશા અને મધ્યમ ભોજનના કાર્યકર્તાઓને દર મહિને મળતા પગારમાં કેન્દ્ર સરકારના યોગદાનને બમણું કરવાની જાહેરાત કરી છે.

ખડગેએ 'અધિકાર મૈત્રી છે' નામની ચોથી ગેરન્ટીની પણ જાહેરાત કરી છે. આ ગેરન્ટી હેઠળ કોંગ્રેસ મહિલાઓ વચ્ચે જાગરૂકતા ઉભી કરવાનો પ્રયાસ કરશે. તેમજ દરેક પંચાયતમાં એક પૈરાલીગર નિમણૂક કરશે અને તેમના અધિકાર ક્ષેત્રની રક્ષા ઉપરાંત મહિલાઓની મદદ પણ કરશે.કોંગ્રેસે શિક્ષણ પર ધ્યાન કેન્દ્રીત કરવાનું વચન આપવાની સાથે પાંચમી ગેરન્ટી 'સાવિત્રીબાઈ ફુલે છાત્રાલય'ની જાહેરાત કરી છે. આ જાહેરાત મુજબ કોંગ્રેસભારત સરકારમાં કામ કરતી મહિલાઓ માટે જિલ્લા મથકે ઓછામાં ઓછું એક છાત્રાલય બનાવશે. કોંગ્રેસે દેશભરમાં આવા છાત્રાલયોની સંખ્યા બે ઘણી કરવાનું પણ વચન આપ્યું છે.

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ પ્રમુખ ખડગેએ મંગળવારે કહ્યું હતું કે, 'અમારી પાર્ટી જળ, જંગલ અને જમીનને બચાવવા પ્રતિબદ્ધ છે.' આ ઉપરાંત તેમણે આદિવાસી સંબંધીત છ સંકલ્પો સુશાસન, સુધારણા, સુરક્ષા, સ્વ-શાસન, સ્વાભિમાન અને સબ પ્લાનની જાહેરાત કરી સંકલ્પોની વિગતો પણ રજુ કરી હતી. તેમણે સોશિયલ મીડિયા હેન્ડલ પર હેશટેગ આદિવાસી સંકલ્પનો પણ ઉલ્લેખ કર્યો હતો.

# જામનગરમાં એડવોકેટ હારુન પાલેજાની છરીના ઘા મારી જાહેરમાં હત્યાથી ખળભળાટ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના મુસ્લિમ વાઘેર સમાજના આગેવાન અને જાણીતા એડવોકેટ હારુન પલેજાની બેડી વિસ્તારમાં મોડી સાંજે સરા જાહેર હત્યા નિપજાવાતાં ભારે તંગદિલી ફેલાઈ છે. જિલ્લા પોલીસવડા સહિતનો પોલીસ કાફલો દોડતો થયો છે, અને હત્યારાઓને શોધવા માટેની દોડધામ શરૂ કરાઈ છે. જામનગરના મુસ્લિમ સમાજમાં પણ માતમ છવાયો છે. આ ચકચારજનક બનાવની વિગતો એવી છે કે જામનગરના બેડેશ્વર વિસ્તારમાં રહેતા અને વાઘેર સમાજના અગ્રણી તેમજ જાણીતા એડવોકેટ હારુનભાઈ પલેજાની બેડી વિસ્તારમાં સરાજાહેર હત્યા નીપજાવાતાં મુસ્લિમ સમાજમાં માતમ છવાયો છે.એડવોકેટ હારુન પલેજા સાંજે સાડા છ વાગ્યાના અરસામાં પોતાનું બુલેટ મોટરબાઈક લઈને બેડેશ્વર વિસ્તારમાં આવેલી વાછાણી ઓઇલ મીલ પાસેથી પસાર થઈ રહ્યા હતા, અને રોઝું ખોલવા માટે જઈ રહ્યા હતા, તે દરમિયાન સૌ પ્રથમ તેમના ઉપર પથ્થરમારો થયો હતો.જેથી તેઓ મોટરસાયકલ પરથી નીચે પડી ગયા હતા. ત્યારબાદ કેટલાક શખ્સો છરી જેવા ધારદાર હથીયાર સાથે ઘસી આવ્યા હતા, અને તેમના પર





હીચકારો હુમલો કરી દેતાં લોહી લોહાણ થઈને ઢળી પડ્યા હતા. આ ઘટના બાદ તેઓના ભત્રીજા વોર્ડ નંબર ૧ના કોંગી કોર્પોરેટર નૂરમહંમદ પલેજા અને અન્ય મિત્રો દ્વારા તાત્કાલિક અસરથી સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે પહોંચાડ્યા હતા, પરંતુ ત્યાં માત્ર તેઓનો મૃતદેહ જ પહોંચ્યો હતો, અને તબીબો દ્વારા તેમનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કરાતાં આ બનાવ હત્યામાં પલટાયો હતો. આ ઘટનાની જાણ થતાં મુસ્લિમ સમાજના આગેવાનો તેમજ મૃતકના અન્ય સમર્થકો વગેરે જી.જી. હોસ્પિટલમાં દોડી આવ્યા હતા,હત્યાના બનાવની જાણ થતાં જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ સૌપ્રથમ જી.જી. હોસ્પિટલમાં અને ત્યારબાદ જે વિસ્તારમાં બનાવ બન્યો હતો, ત્યાં પહોંચ્યા હતા, અને જાત નિરીક્ષણ કર્યું હતું. જેઓની સાથે શહેર વિભાગના ડી.વાય. એસ.પી. જયેન્દ્રસિંહ ઝાલા, સીટી બી. ડિવિઝનના પી.આઇ. એચ.પી. ઝાલા તથા અન્ય સ્ટાફ, એલ.સી.બી. ની ટુકડી વગેરે ઘટના સ્થળે દોડી ગયા હતા. તેમજ જી.જી. હોસ્પિટલમાં પણ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ હત્યા પ્રકરણમાં બેડી વિસ્તાર ના નામચીન સાયચા બંધુઓ અથવા તો તેના મળતીયાઓ સંડોવાયેલા છે કે કેમ, તે દિશામાં પોલીસ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરાયા છે. અને હાલ આ બનાવ સમયે સાયચા પરિવાર અને તેના માળતીયાઓ વગેરે તમામના મકાનો ને તાળા લાગી ગયા છે, અને તેઓ સૌ ભાગી છૂટયા છે. સમગ્ર પ્રકરણમાં પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે.

# મોરબી જીલ્લા વહીવટીતંત્ર દ્વારા ૧૩ લોકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કર્યા

## પાકિસ્તાનથી સ્થળાંતરિત થઈ મોરબી સ્થાયી થયેલા ૧૩ વ્યક્તિઓ બન્યા ભારતના કાયમી નાગરિક

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરી અને ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાની ઉપસ્થિતિમાં પાકિસ્તાનથી સ્થળાંતરિત થઈ મોરબી સ્થાયી થયેલા ૧૩ વ્યક્તિઓને ભારતના નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

વખતો વખત અનેક કારણોસર પાકિસ્તાનથી હિજરત કરી અનેક પરિવારો ભારતના વિવિધ પ્રાંતમાં સ્થાયી થયેલા છે, એમાંનું એક મોરબી પણ છે. મોરબીમાં પાકિસ્તાનથી સ્થળાંતરિત થઈને આવેલા અનેક પરિવારો દૂધમાં સાકારની જેમ ભળી ગયા છે. જીલ્લા કલેક્ટર તેમજ વહીવટી તંત્ર દ્વારા આ લોકોને નાગરિકતા મળી જાય તે માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે. ત્યારે આજરોજ કલેક્ટર કચેરી ખાતે જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરી તેમજ ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાના હસ્તે ૧૩ વ્યક્તિઓને ભારતના નાગરિક તરીકેના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ બાબતે જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીએ જણાવ્યું હતું કે, પાકિસ્તાનથી મોરબી ખાતે સ્થળાંતરિત થઈ અનેક પરિવારો વસવાટ કરી રહ્યા છે ત્યારે ૧૩ વ્યક્તિઓને હાલ ભારતના નાગરિક તરીકેના પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા છે. આવા સ્થળાંતરિત વ્યક્તિઓની નાગરિકતાની અરજીઓ ઝડપથી મંજૂર થાય તે માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ઝડપી કામગીરી કરવામાં આવી રહી છે. આવી નાગરિકતાની અરજીઓની પૂરતી ચકાસણી કરી યોગ્ય પ્રક્રિયા હાથ ધરી નાગરિકતા આપવામાં આવી રહી છે. ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ જીલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, ખૂબ ઝડપી કામગીરી કરીને સ્થળાંતરિત થયેલી વ્યક્તિઓને નાગરિકતા આપવામાં આવી રહી છે. આજે ૧૩ લોકો ભારતના કાયમી નાગરિકો બની ગયા છે ત્યારે તેમના ચહેરા પર ખુશી જોઈને ખરેખર આનંદની લાગણી અનુભવું છું.

# મોરબીમાં મૃત્યુ બાદ વીમાની ચૂકવણી ન કરતા ઈન્સ્યોરન્સ કંપનીને ગ્રાહક તકરાર આયોગ દ્વારા ફટકાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગ્રહ તકરાર આયોગ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે જેમાં ગ્રાહકે લીધેલ લોન સાથે ઇન્સ્યોરન્સ કંપનીમાં ફૂલ વીમો લીધેલ હતો ત્યારે વર્ષ ૨૦૨૧માં ગ્રાહકનું ડેન્ગ્યુની બીમારી સબબ મૃત્યુ થતા ગ્રાહકને અગાઉ અન્ય બીમારી હોવાનું કારણ સામે ધરી ઈન્સ્યુરન્સ કંપનીએ કલીં રિજેક્ટ કરતા જે કેસ મોરબી શહેર/જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા દ્વારા મોરબી કન્ઝયુમર કમિશનમાં દાખલ કરવામાં આવ્યો હતો.



એચ.ડી.એફ.સી. લાઇફ ઇન્સ્યુરન્સ પાસેથી ૨૦,૨૫,૦૦૧/-ની રકમ ૯ ટકાના વ્યાજ સાથે ગ્રાહકને ચૂકવવા ગ્રાહક તકરાર કોર્ટ દ્વારા આદેશ

સમગ્ર કેસની પ્રાપ્ત માહિતી મુજબ મોરબીના વતની પ્રભાબેન ચમનલાલ ધાનજાના પતિ ચમનલાલ ધાનજા દ્વારા એચ.ડી.એફ.સી. લાઇફ ઇન્સ્યુરન્સ પાસેથી મકાન લોન રૂા. ૨૦,૦૫,૦૦૧/- (વીસ લાખ પાંચ હજાર એક) મંજુર થઇ હતી. ત્યારે નિયમ પ્રમાણે જો ગ્રાહકનું મૃત્યુ થાય તો ફૂલ લોન વીમા કંપનીએ ચુકવવાની હોય છે. જયારે ગ્રાહક ચમનલાલને શ્વાસની તકલીફ થતાં પ્રમુખ સાર્થક હોસ્પીટલમાં ડેગ્યુ તાવની અસર થતાં એપોલો હોસ્પીટલમાં દાખલ કરેલ ત્યાં તા. ૨૭/૧૨/૨૦૨૧ ના રોજ તેમનું અવસાન થતાં વીમા કંપનીએ એવા બહાના કે તેમને અન્ય રોગ હોવાના બહાના હેઠળ વીમા ચુકવવાની ના પાડી દીધી એપોલો હોસ્પીટલે વ્યવસ્થીત કારણો બતાવેલ છતા વીમા કંપનીએ હાથ ઉંચા કરી દીધા જેને કારણે પ્રભાબેન ધાનજા એ મોરબી શહેર/જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કમીશનમાં કેસ દાખલ કરતાં ગ્રાહક અદાલતે એચ.ડી.એફ.સી. લાઇફ ઇન્સ્યુરન્સ ને રૂા. ૨૦,૦૫,૦૦૧/- (વીસ લાખ પચ્ચીસ હજાર એક) વીમાના તથા ૧૫૦૦૦/- પંદર હજાર માનસીક ત્રાસ અને ૫૦૦૦ પાંચ હજાર એમ કુલ રૂા. ૨૦,૨૫,૦૦૧/- (વીસ લાખ પચ્ચીસ હજાર એક) ૯ ટકાના વ્યાજ સાથે તા. ૦૫/૧૨/૨૦૨૧ થી ચુકવવાનો આદેશ કરેલ છે.

વધુમાં મોરબી ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ દ્વારા જણાવ્યું છે કે કોઇ પણ ગ્રાહકને અન્યાય થાય તો મોરબી જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળમાં લાલજીભાઇ–મો.:૯૮૨૫૭ ૯૦૪૧૨ તથા રામભાઈ મહેતા–મો. : ૯૯૦૪૭ ૯૮૦૪૮ માં કોલ કરીને સંપર્ક કરવા જણાવ્યું છે.

# મોરબીના અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપના સભ્યના જન્મદિવસની અનોખી ઉજવણી




**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબી:** મોરબીમાં અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓથી જાણીતું અનસ્ટોપેબલ વોરીયર ગ્રુપના સભ્યના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.

અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપ દ્વારા જન્મદિવસની વિશેષ ઉજવણી કરવામાં આવે છે. ત્યારે અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપના સભ્ય રાકેશભાઈ બરાસરાના જન્મદિવસ નિમિત્તે મોરબીના લક્ષ્મીનગર ગામે આવેલ પ્રજ્ઞાચક્ષુ પુનર્વસન કેન્દ્ર ખાતે પ્રજ્ઞાચક્ષુઓને સુકીભાજી, ગુલાબજાબું, દહીં, થેપલા સહિતનું ભોજન કરાવવામાં આવ્યું હતું. આ તકે અનસ્ટોપેબલ વોરીયર્સ ગ્રુપના પ્રમુખ હેતલબેન પટેલ, મોરબી મહિલા પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેકટર લગધીરકા મેડમ, તથા ગ્રુપની બહેનો તથા ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના સરસ્વતી પાર્ટી પ્લોટના પાર્કિંગમાંથી બાઈકની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં રવાપર–ઘુનડા રોડ ઉપર આવેલ સરસ્વતી પાર્ટી પ્લોટના પાર્કિંગમાં પાર્ક કરેલ કારખાનાના કર્મચારીના બાઈકની અજાણ્યા ચોર ઈસમ દ્વારા ચોરી કરી લઇ ગયા અંગેની અત્રેના એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. હાલ પોલીસે અજાણ્યા બાઈક ચોર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર મૂળ દેવભૂમિ દ્વારકા જીલ્લાના મોરજર ગામના રહેવાસી હાલ માધવ પેલેસ ફ્લેટ નં.૬૦૧ માં રહેતા નિર્મલભાઈ બિપીનભાઈ ભાલોડીયા ગત તા.૧૩/૦૨ ના રોજ પોતાના મિત્ર સાથે સંબંધીને ત્યાં પ્રસંગ હોય જેથી રવાપર–ઘુનડા રોડ ઉપર આવેલ સરસ્વતી પાર્ટી પ્લોટમાં બાઈક રજી.જીજે–૩૭–કે–૧૧૯૬ લઈને ગયા હોય ત્યારે નિર્મલભાઈનું ઉપરોક્ત રજી.નંબરનું બાઈક સરસ્વતી પાર્ટી પ્લોટના પાર્કિંગમાં હેન્ડલ લોક કરીને પાર્ક કરીને પાર્ટી પ્લોટમાં અંદર પ્રસંગમાં જતા રહ્યા હતા. ત્યારબાદ રાત્રીના આશરે અગીયાર વાગ્યાના અરસામાં પ્રસંગ પૂર્ણ કરી પાર્કિંગમાં પાર્ક કરેલ બાઈકની જગ્યાએ આવતા બાઈક જોવામાં આવેલ નહિ. જે કોઈ અજાણ્યો ચોર ચોરી કરી લઇ ગયાનું માલુમ પડતા નિર્મલભાઈ દ્વારા બાઈક ચોરી માટેની પ્રથમ ઈ–એફઆઈઆર નોંધાવ્યા બાદ આજરોજ મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં રૂબરૂ બાઈક ચોરી અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી અજાણ્યા બાઈક ચોર વિરુદ્ધ ગુનો દાખલ કરી બાઈકની શોધખોળ શરૂ કરી છે.

# મોરબી:ચૂંટણીને લગતી તમામ પરવાનગી માટે સિંગલ વિન્ડો સિસ્ટમ કાર્યરત કરાઈ

## સિંગલ વિન્ડો સિસ્ટમ અન્વયે વિવિધ નોડલ ઓફિસરની નિમણૂંક કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ દરમિયાન ઉમેદવાર / રાજકીય પક્ષોને જાહેરસભા / રેલી / સરઘસ / વાહન / લાઉડ સ્પીકર અને હેલીપેડ જેવી વિવિધ ચૂંટણી લગતી પરવાનગી એક જ સ્થળેથી અને સમયસર મળે તેમજ તે માટે અલગ–અલગ કચેરીઓનો સંપર્ક કરવો ન પડે તે હેતુ માટે સિંગલ વિન્ડો સિસ્ટમ ઊભી કરવામાં આવી છે. આ કામગીરી અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર કે.બી. ઝવેરી દ્વારા નોડલ ઓફિસર્સની નિમણૂંક કરવામાં આવી છે.

મોરબી જિલ્લા કક્ષાએ એક તેમજ જિલ્લામાં સમાવિષ્ટ તાલુકા મામલતદાર કચેરીઓ ખાતે એક સિંગલ વિન્ડો સિસ્ટમ કાર્યરત કરવાના હેતુથી કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કક્ષાએ તથા તમામ વિધાનસભા મત વિભાગો માટે મોરબી જિલ્લા પુરવઠા અધિકારીની નોડલ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. મોરબી ગ્રામ્ય કક્ષાના વિસ્તાર માટે મોરબી ગ્રામ્ય મામલતદાર, મોરબી સીટી વિસ્તાર માટે મોરબી સીટી મામલતદાર, માળિયા તાલુકા વિસ્તાર માટે માળિયા મામલતદાર, ટંકારા તાલુકા વિસ્તાર માટે ટંકારા મામલતદાર તેમજ વાંકાનેર તાલુકા વિસ્તાર માટે વાંકાનેર મામલતદારની સિંગલ વિન્ડો સિસ્ટમ અન્વયે નોડલ ઓફિસર તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

આ સિંગલ વિન્ડો સિસ્ટમ અન્વયે પરવાનગી માંગતા રાજકીય પક્ષ સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીની ઉમેદવારોએ કાર્યક્રમના ઓછામાં ઓછા ૪૮ કલાક પહેલા કચેરીના નોડલ અધિકારી વિધાનસભા મતવિસ્તારમાં સમાવેશ સંબંધિત મામલતદાર કચેરીની ખાતે સિંગલ વિન્ડો સિસ્ટમમાં નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. એકથી વધુ કાર્યક્રમ માટે અલગ અલગ અરજી કરવાની રહેશે. કોઈ વિધાનસભા મત વિસ્તારના કાર્યક્રમની મંજૂરી માટે એકથી વધુ જિલ્લા વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ થતા હોય તો દરેક જિલ્લા વિધાનસભા મતવિસ્તાર માટે અલગ અલગ અરજીઓ કરવાની રહેશે.

# પીએમ નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી પીએમ–સૂરજ પોર્ટલ લોન્ચ કર્યું

## જામનગરમાં મેયર વિનોદભાઈ ખીમસૂરિયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભાન્વીત કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ધન્વંતરિ ઓડિટોરિયમ ખાતે મેયર વિનોદભાઈ ખીમસૂરિયાના અધ્યક્ષ સ્થાને પીએમ–સુરજ પોર્ટલના લોન્ચિંગ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, દેશભરના જરૂરિયાતમંદ લોકોને સરકારી યોજનાઓનો લાભ મળી રહે અને તેઓ પણ સમાજના મુખ્ય પ્રવાહમાં ભળી શકે તે માટે સરકાર દ્વારા અનેક યોજનાઓ કાર્યરત છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ લોન્ચ કરેલા પીએમ- સૂરજ પોર્ટલના માધ્યમથી અનેક જરૂરિયાતમંદ લોકોને આર્થિક સહાય મળી રહેશે. પીએમ સૂરજ પોર્ટલ સામાજિક ઉત્થાન અને રોજગાર અને લોક કલ્યાણ પર આધારિત છે. આ પોર્ટલ દ્વારા લોન સહાય મંજૂર કરવામાં આવશે. તેનાથી લાયક લોકોને લોન લેવામાં સગવડ મળશે. લોકો આ પોર્ટલ દ્વારા સરળતાથી લોન લઈ શકશે, જેમાં તેઓ બિઝનેસ લોન માટે પણ અરજી કરી શકશે. આ સાથે કોઈએ બેંકની મુલાકાત લેવાની જરૂર રહેશે નહીં અને આ પોર્ટલ દ્વારા અરજી કરી શકાશે.




કાર્યક્રમમાં મેયર વિનોદભાઈ ખીમસૂરિયા સહિતના મહાનુભાવોના હસ્તે નમસ્તે યોજના, કુંવરબાઈનું મામેરું યોજના અને પંડિત દિન દયાળ આવાસ યોજનાનાના લાભાર્થીઓને લાભો એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના સીધા ધિરાણ હેઠળની યોજનાના લભાર્થીઓએ પોતાને બે લાખની સહાય મળવા બદલ પ્રતિભાવો વ્યક્ત કરી સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમા ઉપસ્થિત સૌએ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું વર્ચ્યુઅલ સંબોધન નિહાળ્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર બી. કે. પંડયાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમજ ધારાસભ્યો મેઘજીભાઈ ચાવડા, રિવાબા જાડેજા, કમિશનર ડી. એન. મોદી, પ્રાંત અધિકારી પરમાર, અનુસૂચિત જતી કલ્યાણના નાયબ નિયામક વાઘેલા, વિકસતી જાતિના નાયબ નિયામક પરમાર, કોર્પોરેટરઓ, અગ્રણીઓ, અધીકારીઓ સહિત બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બાબરાના યુવા પત્રકાર આદીલખાન પઠાણનો આજે જન્મદિવસ

**મુખ્ય સમાચાર, બાબરા**



બાબરા શહેરમાં નાની ઉંમરમાં પત્રકાર ક્ષેત્રે જોડાયેને બાબરા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના લોક પ્રશ્નને વાચા આપી સારી એવી લોક સાહના મળી છે ત્યારે બાબરા શહેરના યુવા પત્રકાર અને સામાજિક કાર્યકર્તા આદીલખાન પઠાણનો આજરોજ જન્મદિવસ છે ત્યારે સ્થાનિક અગ્રણીઓ અને રાજકીય આગેવાનો અને અધિકારીઓ તેમજ પ્રેસ મિડિયા અને ઇલેક્ટ્રોનિક મિડિયાના પત્રકાર મિત્રો દ્વારા આદીલખાન પઠાણને તેમના મો. ૬૩૫૨૦૬૬૦૬૪ પર શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.

## અવસાન નોંધ

મોરબી:: મૂળ હડમતીયા હાલ આનંદનગર મોરબી ખાતે રહેતા રમેશભાઈ છગનભાઇ કુકરવાડીયા(ઉ. વ. ૬૮) તે નરેશભાઈ,રૂપેશભાઈ,જિજ્ઞાબેન,હેતલબેન ના પિતા નું તા ૧૨/૩ ને મંગળવાર ના રોજ અવસાન થયેલ છે સદગત નું બેસણુ તારીખ ૧૪/૩ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ તેમના નિવાસસ્થાન રામેશ્વર મંદિર સામે આનંદનગર બાયપાસ રોડ મોરબી ખાતે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

# વાંકાનેરના ક્રેવીટા સીરામીકની લેબર કોલોનીમાં ગેસ લીકેજથી આગ લાગતા એકનું મોત,ચાર ગંભીર રીતે દાઝ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના માટેલ નજીક આવેલ ક્રેવીટા સીરામીકની લેબર કોલોનીના રૂમમાં રાંધણ–ગેસ લીકિજ થઇ આખી રાત રૂમમાં પ્રસરી ગયો હતો ત્યારે સવારે લાઇટરથી ગેસનો–ચૂલો ચાલુ કરતા રૂમમાં એકદમ આગ લાગી હતી જેમાં કુલ પાંચ શ્રમિકો ગંભીર રીતે દાઝતા તમામને હોસ્પિટલ સારવારમાં ખસેડતા જેમાં એક શ્રમિકનું મોત નીપજ્યું હતું ત્યારે હાલ વાંકાનેર તાલુકા પોલીસે અ.મોત અંગે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ વાંકાનેર તાલુકાના માટેલ ગામની સીમમાં આવેલ ક્રેવીટા(ક્રેસ્ટોના) સીરામીક લેબર કોલોનીના રૂમમાં ગત તા.૦૯ માર્ચના રોજ રાંધણ–ગેસ આખી રાત લીકિજ થયો હોય ત્યારે વહેલી સવારમાં લાઇટરથી ગેસ-ચૂલો ચાલુ કરતા અચાનક એકદમ આખા રૂમમાં આગ લાગી હતી જે આગની લપેટમાં રૂમમાં ચાર શ્રમિકો સુતા હતા તે સહીત પાંચ શ્રમિકો ગંભીર રીતે દાઝી જતા તેઓને તાત્કાલિક રાજકોટ સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ચાલુ સારવારમાં મૂળ મધ્યપ્રદેશના જારખુરપાનો વતની આશિષ પ્રેમલાલ બંજારા ઉવ.૨૦ નું તા.૧૩ માર્ચના રોજ મૃત્યુ નીપજ્યું હતું. જયારે ગંભીર રીતે દાઝેલા ૧)રીતેશ ધર્મેન્દ્ર કુશવાહા ઉવ.૨૨(૨)રાહુલ સુમ્મત બંજારા ઉવ.૧૮(૩)વિકાસ પ્રેમકુમાર બંજારા ઉવ.૨૨(૪)લક્ષ્મણ વિષ્ણુ કહારની હાલ સારવાર ચાલુ હોય ત્યારે મૃત્યુ અંગેની વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર જિલ્લા માહિતી કચેરી દ્વારા તૈયાર કરાયેલી ‘વિકાસ વાટિકા’ પુસ્તિકાનું કલેકટર દ્વારા વિમોચન




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેકટર બી.કે. પંડ્યાના વરદ હસ્તે જામનગર જિલ્લા માહિતી કચેરી દ્વારા તૈયાર કરાયેલી વિકાસ વાટિકા બુકનું ધન્વંતરિ ઓડિટોરીયમ ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું. આ વિમોચન પ્રસંગે મેયર વિનોદભાઈ ખીમસૂરિયા, ધારાસભ્યો મેઘજીભાઈ ચાવડા, રિવાબા જાડેજા, કમિશનર ડી. એન. મોદી સહિતના મહાનુભાવો પણ ઉપસ્થિત હતા.

જામનગર જિલ્લાની ‘વિકાસ વાટિકા’ પુસ્તિકામાં વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ દરમિયાન વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલા વિકાસ કાર્યોને આલેખવામાં આવ્યા છે. આ ઉપરાંત જામનગર જિલ્લાનો ઇતિહાસ, પ્રવાસન સ્થળો, લોકમેળાઓ, સરકારી યોજનાઓના લાભાર્થીઓના પ્રતિભાવો, જામનગરની આગવી ઓળખ સહિતનું તસ્વીરની ઝલક સાથે આલેખન કરવામાં આવ્યું છે.


# મોરબી રોડ પરના સિલ્વર એપાર્ટમેન્ટમાં મુંબઈના યુવાનનું બેભાન હાલતમાં મોત

## મુંબઈથી વેકેશનમાં આવેલો યુવાન બાથરૂમ ગયા બાદ બહાર ન નીકળતાં દરવાજો તોડી હોસ્પિટલે ખસેડાયો પણ જીવ ન બચ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુંબઈથી રાજકોટ વેકેશનમાં આવેલા ધો.૧૨ના છાત્રનું હાર્ટએટેકથી મૃત્યુ નિપજતાં પરિવારમાં શોક છવાયો છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં મોરબી રોડ પર સેટેલાઈટ ચોકમાં આવેલા સિલ્વર એપાર્ટમેન્ટ બી-વીંગમાં રહેતા મિત રાજેશભાઈ હિંડોચા નામનો ૧૮ વર્ષનો લોહાણા યુવાન આજે સવારે પોતાના ઘરે બાથરૂમમાં ગયા બાદ અચાનક ઢળી પડતાં તેમને બેભાન હાલતમાં અહિંની સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવતાં તેમને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. મિતના



પિતાનું ૧૦ વર્ષ પહેલા અવસાન થયું હતું. મિત સહિત તેમના ત્રણેય ભાઈનું એક જ દિવસે જન્મ થયો હતો. પોતે મુંબઈ રહી ત્યાં જ ધો.૧૨માં અભ્યાસ કરતો હતો. થોડા દિવસો પૂર્વે ધોરણ ૧૨ની પરીક્ષા આપ્યા બાદ તેમને બે મહિનાનું વેકેશન હોય જેથી રાજકોટ રોકાવા આવ્યો હતો. આજે સવારે જાગીને બાથરૂમમાં ગયા બાદ બહાર ન આવતાં તેમના પરિવારજનોએ દરવાજો ખખડાવ્યો હતો. પરંતુ અંદરથી કોઈ જ અવાજ ન આવતાં અંતે દરવાજો તોડીને મિતને બહાર કાઢયો હતો અને તેમને હોસ્પિટલે ખસેડવામાં આવતાં તબીબોએ મિતનું મૃત્યુ હાર્ટએટેકથી થયાનો અભિપ્રાય આપ્યો હતો. યુવકના મૃત્યુથી પરિવારમાં શોક છવાયો છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આલેલે...રૂા.૧૧૮ કરોડના ખર્ચે બનેલી જનાના હોસ્પિટલના પાઈપમાંથી પાણી ટપકવાનું શરૂ...!

## જનાના હોસ્પિટલના કામમાં થયેલા ભ્રષ્ટાચારની બૂ આવતી હોવાનો જાગૃત નાગરિકોનો આક્ષેપ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ અને સૌરાષ્ટ્રમાં સૌથી મોટી ગણાતી અને ગામેગામથી હજારોની સંખ્યામાં સારવારમાં આવતા લોકો માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દવારા લોકાર્પણ કરી રૂ.૧૧૮ કરોડના ખર્ચે બનેલી જનાના હોસ્પિટલ લોકો માટે કાર્યરત બની છે ત્યારે થોડા દિવસોમાં જ હોસ્પિટલમાં થયેલ પ્લમબીંગ કામમાં ભ્રષ્ટાચાર થયો હોઈ તેના પુરાવા સામે આવવાનું શરૂ થયું છે. હોસ્પિટલના પાઈપોમાંથી પાણી ટપકવાનું શરૂ થતા રોડ પણ ભીના થયા હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યાં છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલના તાબા હેઠળ આવતી અને થોડા સમય પહેલા જ રૂ.૧૧૮ કરોડના ખર્ચે








નિર્માણ પામેલી જનાના હોસ્પિટલમાં દિવસેને દિવસે નીત નવા છબડાઓ સામે આવી રહ્યા છે. આજે ગ્રાંટ અંગે નું વખતોવખત ચેકિંગ કરવા આવતી ટીમ આજે જનાના હોસ્પિટલમાં ચેકિંગ કરવા આવ્યું હોય આ સમયે જ જનાના હોસ્પિટલના પાણીના પાઈપ લીકેજ થતા પાણી સતત ટપક્તું હોય જેના કારણે આરસીસીના રોડ ભીના થઈ ગયા હોય અને આ ઘટનાના પગલે પ્લમબીંગ કામમાં ભ્રષ્ટાચારની બૂ આવી રહી હોય જેના કારણે આ દ્રષ્યો તપાસ કરવા આવેલી ટીમની નજરે ન પડે તે માટે જનાના હોસ્પિટલના તંત્રવાહકોએ આ રસ્તાનો ગેઈટ બંધ કરી દેવામાં આવ્યો છે. જેથી પાઈપમાંથી ટપક્તું પાણી કોઈની નજરે ન પડે અને કામમાં થયેલ ભ્રષ્ટાચારની ભણક ન પડે તેવા પ્રયાસો તંત્રવાહકો દવારા કરવામાં આવ્યા છે.

# મહિકા રોડની રાધિકા રેસીડેન્સીમાં પ્રેમીપંખીડાનો ગળાફાંસો ખાઈ આપઘાત

## સંતકબીર રોડ પર બ્રાહ્મણીયાપરાના યુવાને હલેન્ડા ગામ પાસે ઝેરી દવા પી લેતા મોતઃપારડી પાસે રાહદારીને બાઈક ચાલકે ઠોકરે ચડાવતા મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના આજીડેમ પાસે આવેલ મહિકા રોડ પર રાધિકા રેસીડેન્સીમાં પ્રેમીપંખીડાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી જવા પામી છે. બનાવ અંગેની જાણ આજીડેમ પોલીસમાં કરવામાં આવતા પીએસઆઈ સોલંકી સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ શહેરની ભાગોળી આજીડેમ નજીક આવેલા મહિકા રોડ પર રાધિકા રેસીડેન્સીમાં એક યુવક અને યુવતીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી



લીધો હોવાની જાણ ૧૦૮ના પીએમટી ભાલીયા રાજેશ અને પાયલોટ આણંદ રબારીએ આજીડેમ પોલીસમાં કરતા પીએસઆઈ એચ.જે.સોલંકી સહિત નો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે પ્રાથમિક તપાસ કરતા આ યુવક અને યુવતીએ પંખા સાથે ચુંદડીબાંધી ગળાફાંસો ખાઈ જીવનનોઅંત આણી લીધો હતો. પોલીસને સ્થળ પરથી એક સ્યુસાઈડ નોટ મળી હતી જેમાં આપઘાત કરી લેનાર યુવકનું નામ પ્રકાશ ચંદુભાઈ ખુમાણ (ઉ.વ.૨૬ રહે.નવા થોરાળા અવધ પાર્ક સોસાયટી)અને યુવતીનું નામ ભાવિશા વાઘેલા (ઉ.વ.૨૨)હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે પ્રાથમિક તપાસમાં જણાવ્યું હતું કે આ બંને પ્રેમીપંખીડા હોઈ અને ઘરેથી ભાગી જઈ પાંચ દિવસ પહેલા જ આ રાધિકા રેસીડેન્સીમાં ભાડાના મકાનમાં રહેતા હોય પોલીસે બંનેના પરિવારજનોને જાણ કરી પીએમ અર્થે લાશને સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવી છે.

જ્યારે એક બનાવમાં સામાકાંઠે સંતકબીર રોડ પર બ્રહમાણીયાપરા શેરી નં.૧૦માં રહેતો શૈલેષ નારણભાઈ બાવરીયા (ઉ.વ.૪૨)નામનો યુવાન ગઈકાલે રાત્રે ૧૨ વાગ્યે હલેન્ડા ગામ પાસે આવેલ ભૂતનાથ મહાદેવના મંદિર પાસે ઝેરી દવા પી લેતા બેભાન હાલતમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ મૃતક જાહેર કરી આજીડેમ પોલીસને જાણ કરતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે. જ્યારે કોઠારિયા સોલવન્ટ પાસે બગદાદીબાગમાં રહેતા રહીમભાઈ અબ્દુલભાઈ પઠાણ (ઉ.વ.૫૫)નામના પ્રૌઢ ગઈકાલે રાત્રીના ૧૦ વાગ્યે પારડી પાસે ચાલીને જતા હતા ત્યારે અજાણ્યા બાઈકના ચાલકે ઠોકરે ચડાવતા પ્રૌઢને માથામાં ગંભીર ઈજા થતા તેનું કરૂણ મોત નીપજ્યું હતું.

# અપહરણ, લૂંટ અને હત્યાના ગુનામાં વેપારીએ દાગીના મેળવવા કરેલી અરજી કોર્ટે ફગાવી

## ૨૦૧૮માં બંગાળી કારીગરનું કારમાં અપહરણ કરી હત્યા નીપજાવીને ૩.૨ કિલો સોના-ચાંદીના દાગીનાની લૂંટ કરી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં બંગાળી કારીગરનું કારમાં અપહરણ કરી હત્યા નીપજાવી ૩.૨૦૦ કિલોગ્રામ સોના-ચાંદીના દાગીનાની લૂંટ કરવાના પ્રકરણમાં સોની વેપારીએ મુદ્દામાલ પરત મેળવવા કરેલી ઈન્કવાયરી અરજી અદાલતે નામંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ વર્ષ ૨૦૧૮માં રાજકોટમાં રહેતા ભરત લાઠીગરા અને સુમિત લાઠીગરાએ બંગાળી કારીગરને કારમાં ઉઠાવી હત્યા કરી હતી. અને તેની પાસે રહેલ ૩.૨૦૦ કિલોગ્રામ સોના ચાંદીના દાગીનાની લૂંટ કરી હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના આધારે પોલીસે બંને આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા જે કેસમાં બંને આરોપીને શંકાનો લાભ આપી અદાલતે મુક્ત કર્યા હતા. અને સોના ચાંદીના દાગીનાનો મુદ્દામાલ પુરાવાના અભાવે રાજ્યસતા કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો જે પ્રકરણમાં બંગાળી કારીગરના માલિક સોની વેપારી નિલેશભાઈ શાહે ગુજરાત હાઈકોર્ટમાં મુદ્દામાલ પરત મેળવવા અપીલ કરી હતી હાઈકોર્ટ દ્વારા સેશન્સ કોર્ટનો હુકમ સેટસાઈટ કરી સેશન્સ કોર્ટને ૩૦ દિવસમાં યોગ્ય નિર્ણય કરવા આદેશ કરવા આવ્યો હતો. અરજદાર નિલેશ શાહને સાંભળી તેમજ અલગ અલગ ૧૦ સોની વેપારીઓ પાસેથી સોનું જપ્ત કરવામાં આવેલું હતું તે બધાને સમન્સ કરી જવાબ વાંધા રજુ કરવા બોલાવ્યા હતા આથી ચેઈન્સ વર્લ્ડના હરેશભાઈ આડેસરા, સાહેબ જવેલર્સના રોહિતભાઈ રામાણી, શ્રી રત્ન જવેલર્સના અતુલભાઈ વેડીયા, સ્મિત ગોલ્ડના ભાવેશભાઈ સાગર, ડીજે એન્ડ સન્સના ધર્મેશભાઈ અને બંસી જવેલર્સના સંજયભાઈ ધકાણએ કોર્ટમાં જવાબ વાંધા રજૂ કર્યા હતા સેશન્સ કોર્ટે એડવોકેટ વિવેક સાતા દ્વારા કરવામાં આવેલ રજૂઆત અને લેખિત વાંધાઓને ધ્યાને લઈ સોની વેપારી નિલેશભાઈ શાહની મુદ્દામાલ પરત મેળવવાની ઈન્કવાયરી અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે.

# ઓરમ બિલ્ડીંગના સ્વીમીંગ પુલમાં ડુબી જવાથી બાળકનું મોત

## રમતા રમતા બાળક અકસ્માતે સ્વિમીંગ પુલમાં પડી ગયોઃ પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર ઘંટેશ્વર નજીક આવેલા વર્ધમાનનગરમાં આવેલી ઓરમ નામની બિલ્ડીંગમાં ચોકીદારી કરતા નેપાળી પરિવારનો ચાર વર્ષનો માસુમ બાળક રમતા રમતા બિલ્ડીંગના સ્વિમિંગ પુલમાં પડી ગયો હતો. માસુમ બાળકનું સ્વિમિંગ પુલમાં ડૂબી જવાથી મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

આ અંગેની માહિતી મુજબ ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર ઘંટેશ્વર પાસે આવેલા વર્ધમાનનગરમાં ઓરમ નામની બિલ્ડિંગમાં ચોકીદારી કરતા નેપાળી



પરિવારનો અમૃત લોકેશભાઈ વિશ્વકર્મા નામનો ચાર વર્ષનો માસુમ બાળક રમતો હતો ત્યારે રમતા રમતા બિલ્ડીંગના સ્વિમિંગ પૂલમાં પડી ગયો હતો. અમૃત વિશ્વકર્મા સ્વિમિંગ પૂલના પાણીમાં ગરકાવ થઈ જતા આડોશી પાડોસી એકઠા થઈ ગયા હતા અને માસુમ બાળકને બહાર કાઢી બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં માસુમ બાળકની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા નેપાળી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરતા યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો પોલીસે જરૂરી કાર્યવાહી કરી માસુમના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક અમૃત વિશ્વકર્માનો પરિવાર મૂળ નેપાળનો વતની છે અને માતા-પિતા ઓરમ નામની બિલ્ડીંગમાં ચોકીદારી કરે છે અને બિલ્ડિંગમાં જ રહે છે મૃતક અમૃત વિશ્વકર્મા ત્રણ ભાઈમાં નાનો હતો અને રમતા રમતા સ્વિમિંગ પૂલમાં પડી જતા ડૂબી જવાથી મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ મથકના હેડ કોસ્ટેબલ મનોજભાઈ મકવાણા સહિતના સ્ટાફે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં લગ્ન પ્રસંગમાં મહેમાન બની ચોરી કરતી આંતર રાજય ચોર ગેંગ ઝડપાઈઃ રૂા.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે

## રાજકોટ, ગોંડલ સહિત ૪૧ ચોરીના ભેદ ઉકેલાયાઃ કડિયા-સાસી ગેંગના માતા-પુત્રી અને બાળકી સહિત પરિવારના છ સભ્યોએ ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશમાં ચોરીને અંજામ આપ્યાની કબૂલાત









**મુખ્ય સમાચાર, રાજકોટ**

લગ્ન પ્રસંગે મહેમાન બની આવી ચોરી કરતી આંતરરાજ્ય કડિયા-સાસી ગેંગ ને રાજકોટ ક્રાઈમ બ્રાંચે ઝડપી લઈ રાજકોટ અને ગોંડલના સુલ્તાનપુરની ત્રણ ચોરી ઉપરાંત ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશની ૪૧ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. મૂળ મધ્યપ્રદેશની આ ટોળકીના માતા-પુત્રી અને એક બાળકી તેમજ ચાર પુરુષ મળી છ સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. રાજકોટના અર્જુન પાર્ટી પ્લોટમાં થયેલી રૂ.૩.૮૨ લાખની, ઘંટેશ્વર પાર્કની રૂ.૧૨ લાખની ચોરી અને ગોંડલના સુલતાનપૂરમાં થયેલી રૂ.૪.૮૪ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો છે. ક્રાઈમ બ્રાંચે ૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. છેલ્લા ૬ માસથી ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં લગ્ન પ્રસંગમાં ચોરી કરતી તસ્કર ગેંગ સક્રીય થઈ ગઈ હતી. રાજકોટમાં એરપોર્ટ રોડ પર પેટ્રીય હોટલ પાસે ગ્રીન પાર્કમાં રહેતા નિવૃત શિક્ષકે મૂળ અમદાવાદ અને હાલ કેનેડામાં રહેતા પુત્રના લગ્નમાં નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર અર્જુન પાર્ટી પ્લોટમાં લગ્નના રિસેપ્સનમાં મહેમાન બનીને આવેલી અજાણી યુવતી રૂ.૧ લાખનો આઈફોન, રૂ.૮૦ હજારના રોકડ કવર, દોઢ લાખનું સોનાનું કડુ અને સોનાની બુટ્ટી સહિત રૂ. ૩.૮૨ લાખની મતા ભરેલી બેગની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગઈ હતી. જ્યારે ગોંડલના શ્રીનાથગઢ ગામે આંબેડકરનગરમાં રહેતા જેન્તીભાઈ કાલાભાઈ બાબરીયાના સરકારી અધિકારી દિલ્હી ખાતે રહેતા પુત્ર લિગ્ન સુરેન્દ્રનગરથી નિલમ ગજેન્દ્ર શાંતિલાલના ચાવડા સાથે લગ્ન થયા હતાં. શ્રીનાથગઢ ગામેથી સુરેન્દ્રનગર જાન ગઈ હતી અને સાંજે જાન પરત ફરી હતી. પુત્રવધૂને ચડાવવા માટેના ૪,૩૫,૦૦૦ની કિંમતના ૧૪૬ ગ્રામ સોનાના દાગીના અને ૪૯ હજારની કિંમતના ૧૪૦૦ ગ્રામ ચાંદીના દાગીના મળી કુલ રૂા.૪.૮૪ લાખની કિંમતના દાગીના ભરેલ થેલો ઈકો ગાડીમાં રાખ્યો હોય તેની ટોળકી ચોરી ગઈ

ચોરીનો ભેદ ઉકેલાયો હતો. આ ટોળકીના પકડાયેલ આરોપીમાં મધ્યપ્રદેશના ગુલખેડી ગામના રહેવાસી અને ડ્રાઈવીંગ કરતાં એસકુમાર ધરમસિહ સીસોદીયા, મધ્યપ્રદેશના કડીયા - સાસી ગામના સોનુ ઉર્ફે દિપક ભેરૂસિહ સસોદીયા, વિવેક જયનારાયણ સીસોદીયા, રૂત્વીક ઉર્ફે કાલા મહેશ ઉર્ફે જીંગા તેમજ ઘંટેશ્વરમાં થયેલી રૂ.૧૨ લાખની સીસોદીયા, ગોમતી દિલીપસીંહ સીસોદીયા સાથે એક બાળકિશોરીની ધરપકડ કરી તપાસ કરતાં ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશની ૪૧ જેટલી ચોરીના ભેદ ઉકેલાયા છે. ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિહ ગોહિલ અને એસીપી બી. બી. બસીયાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચના પી. આઈ એમ. આર. ગોંડલીયા અને તેમની ટીમે બાતમીના આધારે આ ટોળકીને ઝડપી લીધી હતી.

# ભગવતીપરામાં વિદ્યાર્થિનીની જાહેરમાં છેડતી કરનાર શખ્સને ટપારતા પિતરાઈભાઈ પર હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં છેડતીના બનાવો વધી રહ્યા છે. ત્યારે ભગવતીપરા વિસ્તારની એક ખાનગી સ્કૂલમાં અભ્યાસ કરવા જતી છાત્રાની સાવન આહીર નામનો શખ્સ છેલ્લા ત્રણ દિવસ પજવણી કરતો હોય જે બાબતે છાત્રાના પિતરાઈ ભાઈને જાણ થતાં સાવન આહિરે છાત્રા અને તેના ભાઈઓ ઉપર હુમલો કર્યો હતો. જે બાબતે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી વિરૂદ્ધ પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ અંગેની માહિતી મુજબ બી. ડિવિઝન પોલીસ મથકમાં થાનના કમલેશભાઈ વિનુભાઈ પરમારે ફરિયાદ નોંધાવી છે, જે ફરીયાદમાં આરોપી તરીકે સાવન આહીરનું નામ આપ્યું હતું. થાનનો કમલેશ રાજકોટ કુવાડવા રોડ પર રહેતા તેના માસીને ત્યાં આવ્યો હોય માસીની પુત્રી જે ભગવતીપરાની એક ખાનગી સ્કૂલમાં ધોરણ.૧૦માં અભ્યાસ કરે છે. તેમજ તેનો ભાઈ અને નાની બહેન પણ નજીકમાં આવેલ ક્લાસીસમા ટ્યુશનમા જાય બનાવના દિવસે છાત્રાનો પિતરાઈ ભાઈ કમલેશ સગીરા અને તેના નાના ભાઈને એક્ટીવામાં બેસાડીને ટ્યુશનમા મુકવા જતો હતો ત્યારે ભગવતીપરા પુલ ઉપર એક્ટીવા લઈને આવેલા સાવને રસ્તામાં આંતરી એક્ટીવાની ચાવી કાઢી લીધી હતી અને યુવાન અને તેની માસીની પુત્રી અને પુત્રને પણ ફડાકા ઝીંક્યા હતાં.

ત્યારબાદ સાવને પીછો કરી બંને ભાઈ-બહેન ક્લાસીસે આવ્યા ત્યારે પણ કમલેશ ઉપર હુમલો કર્યો હતો અને કિચનમાં છરી જેવું હથિયાર માથાના પાછળના ભાગે ઝીંકી દીધું હતું. અને મોબાઈલ પણ તોડી નાખ્યો હતો. અને જતાં જતાં ધમકી આપી હતી કે, મારૂ નામ સાવન આહીર છે અને દતાત્રેય સ્કૂલ પાસે રહુ છું તારાથી થાઈ એ કરી લેજે. સાવન છેલ્લા ત્રણ દિવસથી પિતરાઈ બહેનની છેડતી પણ કરતો હોય કમલેશે સાવન આહીર સામે ફરીયાદ નોંધાવી હતી.બી. ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એસ.એમ.જાડેજા અમે ટીમે વધુ તપાસ શરૂ કરી છે.

# રાજકોટમાં પ્રેમ લગ્ન કરનાર જામનગરના યુવાન પર સાળા સહિતના શખ્સોનો હીચકારો હુમલો

## પત્નીને તેડવા જતા ચા- પાણી પીવડાવ્યા બાદ ધોકા વડે મારમારી બન્ને પગ ભાંગી નાંખતા યુવાનને સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગરના દરેડમાં રહેતો યુવાન તેમની પત્નીને લેવા રાજકોટ આવ્યા બાદ સાળાએ ઘરના બદલે ટાયરના ડેલામાં બોલાવી મિત્ર સાથે મળી ધોકા વડે મારમારી બંન્ને પગ ભાંગી નાખ્યા હતાં. આ બનાવમાં યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે. તેમજ સાળા અને તેમના મિત્ર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી મુજબ જામનગરના દરેડમાં રહેતા સુનિલ જગદીશભાઈ જાદવ નામના યુવકે રવિ મનુભાઈ પરમાર અને તેમના મિત્ર સામે



ફરિયાદ નોંધાવતા બી ડીવીઝનના એફએસઆઈ નરેન્દ્રભાઈ ભદ્રેચાએ તપાસ શરૂ કરી છે. સુનિલભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે સેન્ટ્રીંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓએ બે વર્ષ પહેલા મોરબી રોડ પર આવેલા ગણેશનગર શેરી નં. ૭માં રહેતા મનુભાઈ પરમારની દિકરી પ્રીયા સાથે પ્રેમ લગ્ન કર્યા હતાં. ત્યાર બાદ તેઓ જામનગર રહેવા જતાં રહ્યા હતાં અને તા. ૬ના રોજ તેનો સાળો રવિ પરમાર જામનગર આવી પ્રીયાની તબિયત સારી ન હોય તેવું બહાનું કાઢી લઈ ગયો હતો. અને બે દિવસથી ફોન કરતા ઉપાડતો ન હોય અને તેમણે રાજકોટ આવી પ્રીયાને લઈ જવાનું કહેતા ગઈકાલે સાંજના સમયે સુનિલ રાજકોટ તેમની પત્ની પ્રીયાને લેવા ગયો હતો.

રાજકોટ પહોંચી સુનિલે તેમના સાળાને ફોન કરતા તેમણે કુવાડવા રોડ પર ચામુંડા નગરમાં આવેલા ટાયરના ડેલામાં બોલાવી ચા-પાણી પીવડાવી મિત્ર સાથે મળી ધોકા વડે હુમલો કર્યો હતો. જેથી ત્યાં આજુબાજુના લોકો ત્યાં દોડી આવતા બન્ને શખ્સો ત્યાંથી ભાગી ગયા હતાં અને સુનિલને સીવીલ હોસ્પિટલે ખસેડવામાં આવતા તેમના બન્ને પગે ફ્રેક્ચર હોવાનું તબીબોએ જણાવતા તેમને સારવાર માટે ખસેડાયો છે. તેમજ શરીરે પચ્ચીસેક જેટલા ટાંકા આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસ મથકના સ્ટાફે સાળા રવિ પરમાર અને તેમના મિત્ર વિરુદ્ધ ગુનો નોંધી સકંજામાં લેવા તજવીજ શરૂ કરી છે.

# લીલીયાના ગુંદરણ ગામે કાઠીબંધુની હત્યા કરનાર નવ શખ્સોને જન્મ ટીપની સજા

## નવ વર્ષ પૂર્વે જુની અદાવતમાં ખેલાયેલા ખુની ખેલમાં રાજકીય આગેવાનોની થઈ હતી હત્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લીલીયા તાલુકાના ગુંદરણ ગામે નવ વર્ષ પૂર્વે વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ અને લીલીયા તાલુકા ભાજપના મહામંત્રી કાઠી બંધુની જુની અદાવતમાં કરપીણ હત્યા કરવાના ગુનામાં સંડોવાયેલા નવ હત્યારાને અદાલતે તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા અને રૂા. ૨૦-૨૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ લીલીયા તાલુકાના ગુંદરણ ગામે રહેતા વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ અને લીલીયા તાલુકા ભાજપ મહામંત્રી ભરતભાઈ પવનભાઈ ખુમાણ અને તેના ભાઈ અજીતભાઈ પવનભાઈ ખુમાણ તા.૩૦-૧૧-૨૦૧૩ના રોજ ગુંદરણ ગામે સરકારી



ગોડાઉનના ચાલતા બાંધકામની સાઈટ ઉપર સાંજના સાડા ચાર વાગ્યાના અરસામાં હાજર હતાં ત્યારે ભરતભાઈ ખુંમાણે અગાઉ કરેલ પોલીસ ફરિયાદનો ખાર રાખી આરોપી મામદ નુરમામદ દલ, ઈમરાન મામદભાઈ દલ, ખાલીદ મામદભાઈ દલ, સલીમ અબ્દુલભાઈ દલ, હકીમ નુરમામદભાઈ દલ, દિનમહંમદ ભીખુભાઈ દલ, યુનુસ મનુભાઈ લાખાપોટા, સુમાર અબ્દુલભાઈ દલ, ઉસ્માન નુરમામદભાઈ દલ અને ઈસ્માઈલ ઉર્ફે મુન્નો યુનુસભાઈ લાખાપોટા પૂર્વ આયોજીત કાવતરું રચી બંદૂક, તલવાર, ધારીયા અને કુહાડી જેવા તિક્ષ્ણો હથિયાર સાથે ધસી આવ્યા હતાં અને કાઠી બંધુ ભરતભાઈ ખુમાણ અને અજીતભાઈ ખુમાણ ઉપર જીવલેણ હુમલો કરી હત્યા કરી હતી. કાઠી બંધુની હત્યા કરનાર હત્યારા વિરૂધ્ધ દકુભાઈ ગીગાભાઈ જેબલીયાએ લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે કેસમાં આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા મળતાં તપાસ અધિકારી દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. જે કેસ સાવરકુંડલા કોર્ટમાં ચાલવા ઉપર આવતાં બન્ને પક્ષના વકીલોની રજૂઆત બાદ સરકાર પક્ષે અને મુળ ફરિયાદી વતી રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી રજૂઆત અને દલીલોને ધ્યાને લઈ સાવરકુંડલાના એડીશનલ સેસન્સ જજ ડી.એસ.શ્રીવાસ્તવે આરોપી મામદ દલ, ખાલીદ દલ, સલીમ દલ, હકીમ દલ, દિનમહંમદ દલ, યુનુસ લાખાપોટા, સુમાર દલ, ઉસ્માન દલ, ઈસ્માઈલ ઉર્ફે મુન્નો લાખાપોટાને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા અને રૂા.૨૦-૨૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર વતી સ્પેશ્યલ પી.ટી.અનિલભાઈ દેસાઈ અને મુળ ફરિયાદી વતી એડવોકેટ નિતેશ કથીરીયા રોકાયા હતાં.